નં.ઈજર-વહટ-૬૪-૨૦૦૪/૭૪૩૦-૭૪૫૪

નોંધણી સર નિરીક્ષકની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩ સી, ખ-રોડ,
ગાંધીનગર.
તા. ૨૧-૭-૨૦૦૫

**પરિપત્ર :-**

અત્રેના પરિપત્ર ક્રમાંક : નં. ઈજર-વહટ-લગ્ન/૦૪/ ૬૭૩૧-૫૪ તા.૨૭/૬/૨૦૦૫થી લગ્ન રજીસ્ટ્રાર સમક્ષ નોંધણી અર્થે રજૂ થતી લગ્ન વિજ્ઞપ્તિની નોંધણી વખતે ધ્યાને લેવાની બાબતો અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે. સદર પરિપત્રના પેરા-૧ અન્વયે લગ્ન વિજ્ઞપ્તિના કોલમ-૫ અને ૬ માં લગ્નગ્રંથીથી જોડાતા વહુ/વરના પિતા અને વાલીની તારીખ સાથે સહી કરાવવાનો આગ્રહ રાખવા બાબતે જણાવવામાં આવેલ છે. આ અંગે મળેલ રજૂઆતોને ધ્યાનમાં લેતાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, લગ્ન વિજ્ઞપ્તિના કોલમ નંબર ૫ અને ૬ ની પેટા કોલમ (અ) થી (ડ) સુધીની વિગતો ભરાવવાનો આગ્રહ રાખવો પરંતુ કોલમ નંબર ૫ અને ૬ ના પેટા કોલમ (ઈ) માં લગ્ન ગ્રંથીથી જોડાતા વહુ/વરના પિતા અથવા વાલીની તારીખ સાથે સહી કરાવવાનો ફરજીયાત રીતે આગ્રહ રાખવો નહિ.

અત્રેના ઉપરોક્ત તા. ૨૭/૬/૨૦૦૫ના પરિપત્રમાં આપવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહે છે અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી એચ.બી.વરીયા
નોંધણી સર નિરીક્ષક અને
લગ્નોના રજીસ્ટ્રાર જનરલ
ગુ.રા.,ગાંધીનગર.

**નકલ રવાના :-**

-તમામ લગ્ન નોંધણી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરાવવા સારુ.
-નોંધણી નિરીક્ષકશ્રી, તમામ તરફ જાણ સારુ

રવાના કર્યુ
(એ.વી. ગામેતી)
નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુ.રા.,ગાંધીનગર.